www.xtrapapers.com

OCR

# Thursday 5 June 2014 – Morning

## AS GCE GUJARATI

**F883/01** Listening, Reading and Writing 1

Candidates answer on the Question Paper.

**OCR supplied materials:**
- Special Sheet (inserted)
- CD

**Other materials required:**
None

**Duration:** 2 hours 30 minutes

| Candidate forename | | Candidate surname | |
|---|---|---|---|

| Centre number | | | | | | Candidate number | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|

### INSTRUCTIONS TO CANDIDATES

- The Insert will be found inside this document.
- Write your name, centre number and candidate number in the boxes above. Please write clearly and in capital letters.
- Use black ink.
- Answer **all** the questions.
- Read each question carefully. Make sure you know what you have to do before starting your answer.
- Write your answer to each question in the space provided. If additional space is required, you should use the lined pages at the end of this booklet. The question number(s) must be clearly shown.
- Do **not** write in the bar codes.

### INFORMATION FOR CANDIDATES

- The number of marks is given in brackets **[ ]** at the end of each question or part question.
- The total number of marks for this paper is **160**.
- There are two sections in this paper.
  **SECTION A: 60 Marks Listening and Writing**
  **SECTION B: 100 Marks Reading and Writing**
- Dictionaries are **not** allowed.
- This document consists of **20** pages. Any blank pages are indicated.

© OCR 2014 [H/500/8403]
DC (SJF) 79242/3
OCR is an exempt Charity

www.xtrapapers.com



## SECTION A: Listening and Writing

*Recommended time for Section A: 1 hour*

**સવાલ ૧: શ્રવણ** **[૧૨ ગુણ]**

**પ્રચાર માધ્યમો**

**સાંભળો અને સવાલોના જવાબ આપો.**

**અ) નીચે આપેલા વાક્યોના નંબર જે ખાના માટે સાચા હોય તેમાં લખો.**

રેડિયામાં કોણ શું સાંભળે?

| ક | ખ | ગ | ઘ |
|---|---|---|---|
| નિકુલ | નિકુલના પિતાજી | નિકુલના દાદાજી | નિકુલની બહેન |
| | | | |

૧ ટુચકાઓ

૨ નવાં ગાયનો

૩ ધાર્મિક વ્યાખ્યાનો

૪ ખેલકૂદની વિગતો

૫ દુનિયાની નવાજૂની **[૪]**

**બ) સાચા જવાબ આગળ ખાનામાં ચિહ્ન (✓) કરો.**

**(ચ)** નિકુલની માતા રેડિયો ચાલુ કરે ...

ક ...ઊઠીને તરત જ ☐

ખ ...સાંજે સાત વાગે ☐

ગ ...નાહીને પછી ☐

© OCR 2014

www.xtrapapers.com



(છ) તે રેડિયામાં સૌ પ્રથમ સાંભળે ...

ક ...સામાજિક નાટકો ☐

ખ ...રમૂજી કહાણીઓ ☐

ગ ...વાર્તાલાપો ☐

(જ) પછી તે ...

ક ...તેનું અંગ્રેજીમાં ભાષાંતર કરે. ☐

ખ ...કુટુંબને મજા કરાવે. ☐

ગ ...આખી વાર્તા ચોપડીમાં લખે. ☐

(ઝ) રેડિયામાં ભક્તિ ગીતો આવતાં હોય ત્યારે નિકુલની માતા ...

ક ...સફાઈકામ કરે. ☐

ખ ...નાસ્તો બનાવે. ☐

ગ ...આરામ કરે. ☐

(ટ) તે નાટક સાંભળવા બેસે ત્યારે...

ક ...તેણે ઘરનાં કાર્યો પતાવી લીધાં હોય ☐

ખ ...તેણે કયારની ચા પી લીધી હોય ☐

ગ ...તે આરામ કરીને ઊઠી હોય ☐

© OCR 2014

www.xtrapapers.com



(ઠ) બપોરે રેડિયામાં કાર્યક્રમ હોય...

ક ...ખાવાનું ખરીદવા વિશે ☐

ખ ...ખાવાનું પીરસવા વિશે ☐

ગ ...ખાવાનું બનાવવા વિશે ☐

(ડ) એ સાંભળીને નિકુલની માતા ...

ક ... શાકભાજી ખરીદવા જાય. ☐

ખ ... નવી વાનગી બનાવે. ☐

ગ ...મહેમાનોને જમવા બોલાવે. ☐

(ઢ) નિકુલની માતાને રેડિયો ગમે છે કારણ કે...

ક ...તે રાતદિવસ એકલી હોય છે. ☐

ખ ...તે ચાલુ હોય ત્યારે તે ડરતી નથી. ☐

ગ ...તેને દિવસે એકલું નથી લાગતું. ☐

[૮]

© OCR 2014

www.xtrapapers.com



સવાલ ૨: શ્રવણ [૧૩ ગુણ ]

## પ્રવાસન્

**અહેવાલ સાંભળો અને ખાનામાં આપેલા શબ્દોમાંથી સાચો શબ્દ ફકરામાં લખીને ખાલી જગ્યા પૂરો.**
**ચેતવણી: ખાલી જગ્યાઓ કરતાં વધારે શબ્દો આપેલા છે. દરેક શબ્દ ફક્ત એક જ વખત વાપરો.**

| | | | | |
|---|---|---|---|---|
| આજુબાજુના | કરૂણા | કામદારો | ખર્ચ | ખેંચાય |
| જન્મ્યા | જીવન | દરિયાઈ | દેખાય | નિરસ |
| પાણી | પોસાય | ભણ્યા | મહત્ત્વના | લૂંટાય |
| લોકપ્રિયતા | વર્ષ | વિમાનની | વ્યસ્ત | શાંતિ |
| સગવડો | સંબંધીઓ | હવા | હિસ્સો | |

વર્ષો પહેલાં કેટલાક ગુજરાતીઓ તેઓ **(ક)** ...................... હોય તે જ જગ્યામાં તેમનું આખું **(ખ)** ......................... પૂરું કરતા. જે લોકો બહાર નીકળતા તેઓ **(ગ)** ..................... શહેરોમાં રહેતા તેમના **(ઘ)** ...................... સાથે આનંદથી થોડો સમય ગાળી આવતા. આજકાલ લોકોનું જીવન અતિ **(ચ)** ..................... થઈ ગયું છે તેથી ટૂંકા પ્રવાસ પર જઈને થોડી **(છ)** ..................... મેળવવાનું જરૂરી બન્યું છે. પ્રચાર માધ્યમોમાં આવતી માહિતીને કારણે લોકો જુદા જુદા પ્રદેશો જોવા માટે **(જ)** ..................... છે. વળી આ પ્રવાસોનો **(ઝ)** ..................... પણ લોકોને **(ટ)** ..................... એવો હોય છે તેથી પ્રવાસનની **(ઠ)** ..................... વધી છે. **(ડ)** ..................... મુસાફરીઓને કારણે **(ઢ)** ..................... પ્રદૂષિત થાય છે અને પ્રવાસીઓની **(ણ)** ..................... અને મોજમજા માટે કુદરતી દુનિયાનો નાશ કરવામાં આવે છે.

© OCR 2014

www.xtrapapers.com



**Task 3: Listening**

**Listen to the story and answer the following questions IN ENGLISH.** **[15 marks]**

**(a)** What period of her life did Hema spend in Mombasa?

............................................................................................................................................ **[1]**

**(b)** How did she prefer to travel to Nairobi and why?

.............................................................................................................................................

............................................................................................................................................ **[2]**

**(c)** How can we compare the time taken for this journey with Hema's journeys in London?

.............................................................................................................................................

............................................................................................................................................ **[2]**

**(d)** Why do you think the journey from Mumbai to Jamnagar excited Hema? Give **two** reasons.

**(i)** ...................................................................................................................................... **[1]**

**(ii)** ...................................................................................................................................... **[1]**

**(e)** What **two** actions of the people on the station bring it to life?

**(i)** ...................................................................................................................................... **[1]**

**(ii)** ...................................................................................................................................... **[1]**

**(f)** What was Hema's reaction when she saw the food?

............................................................................................................................................ **[1]**

**(g)** What did Hema and her family do before settling down for the night?

............................................................................................................................................ **[1]**

**(h)** Which sound woke Hema up?

............................................................................................................................................ **[1]**

© OCR 2014

www.xtrapapers.com



**(i)** What sights of Gujarat did Hema enjoy? Give **three** examples.

**(i)** ........................................................................................................................ **[1]**

**(ii)** ........................................................................................................................ **[1]**

**(iii)** ........................................................................................................................ **[1]**

© OCR 2014

www.xtrapapers.com



**Task 4: Writing**

**Your friend who is travelling to Gujarat wants to send an e-mail to his uncle in Rajkot. He has written the e-mail in English and has asked you to put it into Gujarati before sending it.**

**You do not have to translate word for word but you should include all the information.**

**[10 marks for Communication + 10 marks for Quality of Language]**

- I will arrive at Mumbai airport in the morning on 14th of August.
- Is it possible for you to come to Mumbai to collect me?
- I would like to attend an Independence Day programme in Mumbai.
- I want to travel to Rajkot by a day train so I can enjoy the scenery.
- Can you book our meals when you reserve the train tickets, please?

© OCR 2014

www.xtrapapers.com



પૂજ્ય કાકા,

વંદન

© OCR 2014

www.xtrapapers.com



## SECTION B: Reading and Writing

*Recommended time for Section B: 1 hour 30 minutes*

**સવાલ ૫: વાંચન**

**નીચે આપેલો વાર્તાલાપ વાંચી સવાલોના જવાબ લખો.**

**તમારું કામ સહેલું કરવા માટે નીચેના વાર્તાલાપની નકલ 'ઇન્સર્ટ શીટ' પર આપી છે.**

### ગુજરાતી ભોજન

**મેમુના:** ગુજરાતી ભોજનમાં તંદુરસ્તી માટે જરૂરી હોય એવું બધું જ હોય છે. ફળો અને શાકભાજીમાંથી વિટામિનો અને રેસા મળી રહે છે તો દાળ-કઠોળમાંથી પ્રોટીન પ્રાપ્ત થાય છે. રોટલી અને ભાત જરૂરી સ્ટાર્ચ પૂરું પાડે છે તો દહીં છાશમાંથી કેલ્સિયમ મળે છે. આ ભોજનમાં અનેક વાનગીઓ પીરસાય છે.

**હેમંત:** કદાચ કોઈને લાગે કે રોજ રોજ શાક-રોટલી-દાળ-ભાત ખાઈને કંટાળી જવાય પણ એવું નથી. મારે ઘેર કોરાં શાક, રસ્સેદાર શાક, કઢીવાળાં શાક અને જાતજાતની દાળની સાથે સાથે અવનવાં ફરસાણ અને મિષ્ટાન્ન રંધાય છે અને સ્વાદથી ભરપૂર આ વાનગીઓ હું પ્રમાણસર ખાઉં તો મારું વજન પણ નથી વધતું.

**આરતી:** ગુજરાતી રસોઈમાં વપરાતા મરીમસાલા એને સ્વાદિષ્ટ બનાવવા ઉપરાંત રોગ સામે લડવાની શરીરની શક્તિને વધારે છે. મારે જ્યારે ગુજરાતી ભોજન ન ખાવું હોય ત્યારે હું વડા-સંભાર જેવી દક્ષિણ ભારતીય વાનગી અથવા પાસ્ટા જેવી વિદેશી વાનગી આનંદથી માણું છું.

**સુલેમાન:** ગુજરાતી ભોજન સમતોલ અને પૌષ્ટિક ખોરાક તો છે, પણ મને રોજ એ ખાવાનો કંટાળો આવે છે. હા, ભજિયાં, કચોરી જેવાં તળેલાં ફરસાણ અને જલેબી, પેંડા જેવાં મિષ્ટાન્ન હું પેટ ભરીને ખાઉં પણ એમ કરવાથી વજન વધી જાય અને વજનને કાબુમાં રાખવા કસરત કરવી પડે.

**રૂપા:** મારે ઘેર અવારનવાર વિદેશી વાનગીઓ પીરસાય છે પણ તેનું થોડુંઘણું ગુજરાતીકરણ કર્યા પછી જ. મારાં મમ્મીનાં ડુંગળી અને ટમેટાંનો વઘાર કરેલાં સ્વાદિષ્ટ બેઇક્ડ બીન્સની મજા મારાં અંગ્રેજ મિત્રો પણ માણે છે. સેન્ડવિચ જેવી વાનગીમાં પણ મમ્મી કોથમીર-મરચાંની ચટણી મૂકીને તેને ખૂબ મજેદાર બનાવે છે.

© OCR 2014

www.xtrapapers.com



સવાલ ૫ (અ)

દરેક વાક્ય કોને લાગુ પડે છે?

દાખલા સિવાયના ફક્ત દસ યોગ્ય ખાનામાં ચિહ્ન ( ✓ ) મૂકો. જો દસથી વધારે ચિહ્ન ( ✓ ) મૂકશો તો તમે ગુણ ગુમાવશો. [૧૦ ગુણ]

| સવાલ | | મેમુના | હેમંત | આરતી | સુલેમાન | રૂપા |
|---|---|---|---|---|---|---|
| દાખલો | ગુજરાતી ખાવાનામાં ઘણી વિવિધતા હોય છે. | ✓ | ✓ | | | |
| ક | સાકર અને ઘી – તેલથી ભરેલી વાનગીઓ શરીરનું વજન વધારી શકે. | | | | | |
| ખ | રોજ ગુજરાતી ભોજન જમવા છતાં તેનો અણગમો નથી થતો. | | | | | |
| ગ | બિનગુજરાતી વાનગીઓની મજા માણે છે. | | | | | |
| ઘ | રસોઈમાં ઉમેરાતા મસાલા શરીરને બીમારીથી રક્ષણ આપે છે. | | | | | |
| ચ | માતા પરદેશી વાનગીઓમાં ગુજરાતી સ્વાદ ઉમેરે છે. | | | | | |
| છ | ગુજરાતી ભોજન શરીર માટે ઉત્તમ ખોરાક છે. | | | | | |
| જ | ગુજરાતી ભોજન સ્વાદમય ભોજન છે. | | | | | |
| ઝ | ગુજરાતીઓ વિવિધ રીતે શાક રાંધે છે. | | | | | |

© OCR 2014

www.xtrapapers.com



**સવાલ ૫ (બ)**

**નીચે આપેલા લેખનમાં ખાનામાં આપેલા શબ્દોમાંથી ઉપરના વાર્તાલાપ પ્રમાણે યોગ્ય શબ્દ શોધી ખાલી જગ્યા પૂરો.** **[૧૦ ગુણ]**

| | | | | |
|---|---|---|---|---|
| અખતરો | આરામ | આવશ્યક | ઉમેરવામાં | કાચાપાકા |
| કુટુંબ | ગરમી | ચરબી | જાતજાતના | નિરોગી |
| પરદેશની | પલાળવામાં | પાતળું | ભાગોની | મનગમતી |
| રેસ્ટોરાંની | વ્યાયામ | સમાવેશ | ફિક્કી | સ્વાસ્થ્ય |

આપણે રોજ ગુજરાતી ભોજન જમીએ તો પણ કંટાળીએ નહિ કારણ કે તેમાં **(ક)** ...................... શાક, ફરસાણ અને મીઠાઈનો **(ખ)** ...................... કરવામાં આવે છે. આ ભોજન આપણાં **(ગ)** ...................... માટે **(ઘ)** ...................... વસ્તુઓ પૂરી પાડે છે. રસોઈ રાંધતી વખતે તેમાં **(ચ)** ......................આવતા મસાલા વાનગીમાં સ્વાદ પૂરે છે અને શરીરને **(છ)** ...................... રાખવામાં મદદ કરે છે. આ ભોજન ઉપરાંત ગુજરાતી લોકો ભારતના બીજા **(જ)** ...................... વાનગીઓ પણ બનાવે છે. **(ઝ)** ...................... વાનગીઓમાં ગુજરાતી સ્વાદ પૂરવા ગૃહિણીઓ તેમાં ડુંગળી, મરચાં, વગેરે ઉમેરે છે. ગુજરાતનાં ફરસાણ અને મિષ્ટાન્ન ખૂબ સ્વાદિષ્ટ હોય છે પણ તે વધારે પડતાં ખાઈ લઈએ તો શરીરની **(ટ)** ...................... વધી જાય અને પછી તે ઉતારવા **(ઠ)** ...................... કરવો પડે.

© OCR 2014

www.xtrapapers.com



**સવાલ ૬: વાંચન**

**નીચે આપેલો લેખ વાંચી સવાલોના જવાબ ગુજરાતીમાં લખો. સવાલોના જવાબ બને ત્યાં સુધી તમારા પોતાના જ શબ્દોમાં, લેખમાંના લાંબાં કે આખાં વાક્યોની નકલ કર્યા વિના, લખો.**

**[૨૦ ગુણ માહીતી માટે + ૧૦ ગુણ ભાષાની ગુણવત્તા માટે]**

**તમારું કામ સહેલું કરવા માટે નીચેના લેખની નકલ 'ઇન્સર્ટ શીટ' પર આપી છે.**

## ગુજરાતી નિશાળના સંસ્મરણો

'વિદ્યાર્થી દિન'ના કાર્યક્રમમાં આવેલા મહેમાનોથી હોલ ચિક્કાર ભરાઈ ગયો હતો. પડદો ખુલ્યો ત્યારે ગુજરાતી નિશાળના હેડ પ્રિફેક્ટો, પારસ અને મેહા ત્યાં ઊભા હતા. માતાપિતાની તાળીઓના ગડગડાટ અને વિદ્યાર્થી મિત્રોની સિસોટીઓથી હોલ ગાજી ઊઠ્યો.

મેહાએ શરૂ કર્યું, "૨૦૧૨ના આ 'વિદ્યાર્થી દિન'માં અમે આપનું સ્વાગત કરીએ છીએ. આપણી આ ગુજરાતી નિશાળમાં દર વર્ષે જી.સી.એસ.ઈ. વર્ગના વિદ્યાર્થીઓ આ ઊજવણીની સઘળી યોજના કરે છે. તેમ છતાં શિક્ષકોએ બાળકોને પહેરવેશ પહેરાવવામાં અમને મદદ કરી છે અને માતાપિતાઓએ હોલની આ સુંદર સજાવટમાં સાથ આપ્યો છે તેથી અમે તેમના ખૂબ આભારી છીએ. અમે આશા રાખીએ છીએ કે આજના અમારાં નૃત્યો અને ટૂંકા નાટકો આપને ગમશે. હવે પારસ ગુજરાતી નિશાળના તેનાં સ્મરણો રજૂ કરશે."

પારસે શરૂઆત કરી, "નમસ્કાર... નાનપણથી જ હું આ નિશાળમાં આવતો રહ્યો છું. નિશાળે સમયસર પહોંચવા માટે શનિવારના આરામના દિવસે પણ મારી મમ્મી મને વહેલો જગાડી દેતી. ન તો મને મારા મનપસંદ ટીવી કાર્યક્રમો જોવા મળતા કે ન હું પાડોશના મિત્રો સાથે રમતો રમી શકતો. હું બળવો કરતો પણ મારી મમ્મી ....... કંઈ જ સાંભળતી નહિ!

નિશાળના પહેલા શનિવાર પછી મારે બીજા બાળકો સાથે મૈત્રી થવા લાગી અને પછી તો હું દર શનિવારે તેમને મળવા આતુર રહેતો. તે ઉપરાંત મારી મુખ્ય નિશાળથી અલગ, મારા અહીંના મિત્રો 'ખુરસી', 'ખાટલો' એવા શબ્દો બોલતા અને તેમના નાસ્તાના ડબ્બામાં મારા ડબ્બાની જેમ જ તીખી પૂરી અને બરફી જોવા મળતી એ મને ગમતું. શરૂઆતના વર્ષોમાં કવિતાઓ ગાતાં ગાતાં, રમતો રમતાં રમતાં અને વાર્તાઓ સાંભળતાં સાંભળતાં હું ગુજરાતી બોલવાનું શીખી ગયો. વાંચન અને લેખન હું પછીથી શીખ્યો.

મારા કેટલાક મિત્રો ફરિયાદ કરે છે કે અમારી પાસે કમ્પ્યૂટરોની સુવિધા નથી અને વર્ગમાં ખુરસી-ટેબલ પણ અમારે જ ગોઠવવા પડે છે, પણ મને એના વિશે કોઈ ફરિયાદ નથી. કારણ કે મેં આ નિશાળમાંથી ઘણું મેળવ્યું છે. 'વિદ્યાર્થી દિન'ના કાર્યક્રમની અનેક જવાબદારીઓ નિભાવીને અમે ઘણું શીખ્યા છીએ અને તેમાં સૌથી મહત્ત્વની વાત એ છે કે અમે સૌ એકબીજા સાથે હળીમળીને કામ કરતા થયા છીએ. આ ગુજરાતી નિશાળના અનુભવો અમને જીવનભર યાદ રહેશે. નમસ્કાર."

© OCR 2014

www.xtrapapers.com



**(ક)** વિદ્યાર્થીઓનાં માતાપિતાઓએ અને દોસ્તોએ પારસ અને મેહ્રાનું સ્વાગત કેવી રીતે કર્યું? **બન્ને** વિગતો આપો.

(૧) ........................................................................................................ [૧]

(૨) ........................................................................................................ [૧]

**(ખ)** વિદ્યાર્થી દિનની ઊજવણીની તૈયારીમાં વિદ્યાર્થીઓને કઈ કઈ બાબતોમાં મદદ મળી હતી?

(૧) શિક્ષકો તરફથી? ........................................................................................ [૧]

(૨) માતાપિતાઓ તરફથી? .................................................................................. [૧]

**(ગ)** મનોરંજન કાર્યક્રમ માટે વિદ્યાર્થીઓએ શું શું તૈયાર કર્યું હતું? **બન્ને** વિગતો આપો.

(૧) ........................................................................................................ [૧]

(૨) ........................................................................................................ [૧]

**(ઘ)** શરૂઆતમાં પારસને નિશાળે જવાનું શા માટે ન ગમતું? **ત્રણ** વિગતો આપો.

(૧) ........................................................................................................ [૧]

(૨) ........................................................................................................ [૧]

(3) ........................................................................................................ [૧]

**(ચ)** પછીથી પારસ નિશાળે જવા શા માટે ઉત્સુક રહેતો?

........................................................................................................ [૧]

**(છ)** પારસને ગુજરાતી નિશાળનું વાતાવરણ શા માટે જાણીતું લાગતું? **બે** વિગતો આપો.

(૧) ........................................................................................................ [૧]

(૨) ........................................................................................................ [૧]

© OCR 2014

www.xtrapapers.com



(જ) ગુજરાતી નિશાળમાં નાનાં બાળકોને ભાષા કેવી રીતે શીખવવામાં આવે છે? **ત્રણ** દાખલા આપો.

(૧) ........................................................................................................................ [૧]

(૨) ........................................................................................................................ [૧]

(૩) ........................................................................................................................ [૧]

(ઝ) કેટલાક વિદ્યાર્થીઓને ગુજરાતી નિશાળની કઈ બે અગવડો વિશે ફરિયાદ છે?

(૧) ........................................................................................................................ [૧]

(૨) ........................................................................................................................ [૧]

(ટ) આ ફરિયાદો વિશે પારસને કેવી લાગણી થતી હતી?

........................................................................................................................ [૧]

(ઠ) પારસના કહેવા પ્રમાણે ઉજવણીની તૈયારીમાં વિદ્યાર્થીઓ કઈ **બે** અગત્યની વાતો શીખ્યા?

(૧) ........................................................................................................................ [૧]

(૨) ........................................................................................................................ [૧]

www.xtrapapers.com



**સવાલ ૭: વાંચન અને લેખન**

**નીચેનો લેખ વાંચો અને બન્ને સવાલોના જવાબ ગુજરાતીમાં લખો. તમારે સવાલોના જવાબ લેખમાંના આખા વાક્યોની નકલ કર્યા વિના લખવા જોઈએ. લેખમાંના એક સાથેના ક્રમવાર પાંચ કે તેથી વધારે શબ્દોનો ઉપયોગ કરશો તો ગુણ ગુમાવશો. તમને કુલ ૨૦૦ થી ૩૦૦ શબ્દોનો ઉપયોગ કરવાની ભલામણ કરીએ છીએ.**

**[લેખ વિશેની સમજણ: ૧૦ ગુણ]**
**[લેખ પ્રમાણેનો જવાબ: ૨૦ ગુણ]**
**[ભાષાની ગુણવત્તા: ૨૦ ગુણ]**
**[કુલ: ૫૦ ગુણ]**

**કુટુંબ**

૧. વિશાલ એક સંયુક્ત કુટુંબમાં રહે છે. તે નિશાળેથી ઘેર આવે ત્યારે તેનાં દાદીમાએ તેને માટે નાસ્તો તૈયાર કરી રાખ્યો હોય. નાસ્તો પૂરો થાય ત્યાર સુધીમાં વિશાલનો થાક ઉતરી ગયો હોય. સાંજે તે તેના કાકા સાથે બાગમાં રમે અને પછી કાકા તેને ભણવામાં મદદ કરે એટલે વિશાલ વર્ગમાં આગળ રહે. વિશાલનાં માતાને કામે મોડું થાય તો પણ ચિંતા ન હોય કેમ કે દાદીમાએ રસોઈ બનાવી લીધી હોય. વિશાલનાં દાદા - દાદી તેને ભારતીય તહેવારો અને રીતરિવાજો વિશે જણાવે.

૨. બંટીના ઘરમાં તેના મમ્મી-પપ્પા અને તે, એમ ફક્ત ત્રણ જ જણા. બંટીના મમ્મીને થાય કે વિભક્ત કુટુંબમાં પોતાની ઇચ્છા પ્રમાણે રહી શકાય. ઘરમાં ઓછા લોકો હોય એટલે શાંતિ લાગે અને ઘરખર્ચ પણ ટૂંકો રહે. સાથે સાથે ઘરમાં કામ પણ ઓછું રહે. બંટી સાંજે નિશાળેથી ઘેર આવે ત્યારે તે એકલો, કોઈની પણ રોકટોક વગર ઇન્ટરનેટ વાપરે. રજાઓમાં બંટી તેનાં દાદા-દાદીને ઘેર જાય અને દાદીમા તેની બધી ઈચ્છાઓ પૂરી કરે.

**સવાલ ૭.અ. સવાલનો જવાબ ઉપરના લેખને આધારે ગુજરાતીમાં (લગભગ ૧૦૦ શબ્દોમાં) લખો.**

ઉપરના લેખમાં આપેલા સંયુક્ત અને વિભક્ત કુટુંબમાં રહેવા વિશેના ફાયદાઓ તમારા પોતાના શબ્દોમાં લખો.

**સવાલ ૭.બ. હવે (લગભગ ૨૦૦ શબ્દોમાં)તમારા અભિપ્રાયો આપો.**

"આપણું કુટુંબ સંયુક્ત હોય કે વિભક્ત, બંનેમાં લાભોની સાથે ગેરલાભો પણ છે." તમે શું માનો છો? તમારા અભિપ્રાયો આપો.

© OCR 2014

www.xtrapapers.com



**સવાલ ૭.અ. સવાલનો જવાબ ઉપરના લેખને આધારે ગુજરાતીમાં (લગભગ ૧૦૦ શબ્દોમાં) લખો.**

ઉપરના લેખમાં આપેલા સંયુક્ત અને વિભક્ત કુટુંબમાં રહેવા વિશેના ફાયદાઓ તમારા પોતાના શબ્દોમાં લખો.

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

© OCR 2014

www.xtrapapers.com



**સવાલ ૭.બ. હવે (લગભગ ૨૦૦ શબ્દોમાં)તમારા અભિપ્રાયો આપો.**

"આપણું કુટુંબ સંયુક્ત હોય કે વિભક્ત, બંનેમાં લાભોની સાથે ગેરલાભો પણ છે." તમે શું માનો છો? તમારા અભિપ્રાયો આપો.

© OCR 2014

www.xtrapapers.com



© OCR 2014

www.xtrapapers.com



PLEASE DO NOT WRITE ON THIS PAGE

**Copyright Information**

OCR is committed to seeking permission to reproduce all third-party content that it uses in its assessment materials. OCR has attempted to identify and contact all copyright holders whose work is used in this paper. To avoid the issue of disclosure of answer-related information to candidates, all copyright acknowledgements are reproduced in the OCR Copyright Acknowledgements Booklet. This is produced for each series of examinations and is freely available to download from our public website (www.ocr.org.uk) after the live examination series.

If OCR has unwittingly failed to correctly acknowledge or clear any third-party content in this assessment material, OCR will be happy to correct its mistake at the earliest possible opportunity.

For queries or further information please contact the Copyright Team, First Floor, 9 Hills Road, Cambridge CB2 1GE.

OCR is part of the Cambridge Assessment Group; Cambridge Assessment is the brand name of University of Cambridge Local Examinations Syndicate (UCLES), which is itself a department of the University of Cambridge.

© OCR 2014